# શહેરમાં આંબેડકર જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી

## શહેરની વિવિધ સંસ્થાના કાર્યકરોએ રેલી યોજી પ્રતિમા સ્થળે પહોંચી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી : આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ અને વિવિધ પદાધિકારીઓ તેમજ નગરજનો જોડાયા હતા : ૧૨૭ કિલોની કેક કાપી જન્મજયંતિની ઉજવણી કરાઈ હતી

ગાંધીનગર, તા.૧૪ ગાંધીનગર શહેર સહિત





જિલ્લામાં આજે ૧૪મી એપ્રિલે સંવિધાનના રચેતા અને ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા સંકુલ સામેની પ્રતિમા ખાતે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી સહિતના અનેક મંત્રીઓ તથા વિવિધ સંગઠનો અને સંસ્થાઓના હોદ્દેદારો, કાર્યકરો અને આંબેડકર પ્રેમી જનતાએ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. ઢોલ નગારા અને ડીજેના તાલ સાથે જય ભીમના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

આજે ૧૪મી એપ્રિલે ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિની શહેરમાં ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં વિધાનસભા સંકુલ સામેની ડૉ. આંબેડકરજીની પ્રતિમા ખાતે વહેલી સવારે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મંત્રી ઈશ્વરભાઈ પરમાર, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા સહિતના અગ્રણીઓ તથા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રતિમાને ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું હતું કે ડૉ. બાબા સાહેબ આંબેડકરે સમાજના શોષિત વર્ગોના હક્કો માટે સંપૂર્ણ જીવન ન્યોછાવર કર્યું હતું અને ભારત દેશને બંધારણ આપી તમામ વર્ગોને પોતાના સમાન અધિકાર અપાવી બંધારણ દેશને સમર્પિત કર્યું હતું. બાબાસાહેબ માત્ર એક સમાજના નહી પરંતુ દેશના નેતા હતા અને છે.





ગાંધીનગરની ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ, દલિત અધિકાર સંઘ, યુનિટી ઓફ ગાંધીનગર સહિતની સંસ્થાઓના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ત્યાં

મહાપુરુષની જન્મ જયંતિએ ગુજરાત સરકાર ગરીબ શોષિત વર્ગોના અધિકારોનો ઉત્કર્ષ થાય તે માટે કટીબધ્ધ છે અને ખોટી અફવાઓથી દૂર રહેવા પણ જણાવ્યું હતું.

શહેરના વિવિધ સંગઠનો અને સંસ્થા દ્વારા જુદા જુદા સેકટરોમાં ભવ્ય રેલીઓ સ્વરૂપે કાર્યકરો-બેનરો-પોસ્ટરો સાથે ડીજે તાલ સાથે મહિલાઓ, યુવાનો, બાળકો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં પ્રતિમા સ્થળે પહોંચ્યા હતા. શહેરની યુનિટી ઓફ ગાંધીનગર સંસ્થા દ્વારા ૧૨ કિલોની ૧૨૭ ફુટ લાંબી કેક લાવવામાં આવી હતી અને સમાજના ભૂલકાંઓના હસ્તે કેક કાપી આકાશમાં ફુગ્ગા છોડી ભવ્ય ઉજવણી કરાઈ હતી.

ઉજવણીના ભાગ રૂપે નાગરિકો માટે ગરમીમાં રાહત મળે તે માટે ઠંડા પાણી અને છાશની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમારોહમાં શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કનુભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિતના ભાજપના કાર્યકર મહેન્દ્ર પટેલ, વિરેન્દ્રભાઈ જાદવ, ધીરુભાઈ ડોડિયા, બકુલાબેન, ગુલાબદાસ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આયોજકો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવન કવન અંગે વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે આવનાર બાળકને અનુક્રમે રૂ. ૫૦૧, ૨૫૧ અને ૧૫૧ રોકડ ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

**ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિના અનુલક્ષમાં પોલીસે પણ વહેલી સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને ડ્રોન દ્વારા વિડીયોગ્રાફી કરી વિશેષ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિએ બાબાસાહેબની પ્રતિમા પાસે સેલ્ફી લેવાનો પણ ક્રેઝ લોકોનો રહ્યો હતો**



# ગાંધીનગર કોંગ્રેસ દ્વારા બંધારણ બચાવો પદયાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪ ભારતીય બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની



૧૨૭મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા 'બંધારણ બચાવો પદયાત્રા' નિકાળવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યકરોએ નરેશભાઈ રાવલની ઉપસ્થિતિમાં પદયાત્રા સ્વરૂપે પ્રતિમા સ્થળે પહોંચી પ્રતિમાને પુષ્પાંજલિ આપી હતી.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને કૌશિક શાહની આગેવાનીમાં આયોજીત પદયાત્રામાં જબ તક સૂરજ ચાંદ રહેગા, બાબાસાહેબ કા નામ રહેગા જેવા બાબાસાહેબના જયઘોષ સાથે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સે. ૨૨ ખાતેથી નીકળેલી બંધારણ બચાવો પદયાત્રા ચ-૫ સર્કલ થઈ વિધાનસભા સામેની પ્રતિમાએ પહોંચી હતી. જ્યાં કોંગ્રેસના શહેર, જિલ્લા તથા તાલુકાના સભ્યો પદાધિકારીઓ વિવિધ સેલના હોદ્દેદારો તથા કાર્યકરો હાજર રહ્યા હતા અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પી હતી.



### ગાંધીનગર આરએસએસ દ્વારા આંબેડકર જયંતિએ પુષ્પાંજલિ કરાઈ

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સેક્ટર-૬ બગીચા ખાતે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચારક ડૉ. ચિંતન ઉપાધ્યાયે ડૉ. બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા સમગ્ર હિન્દુ સમાજની તમામ જ્ઞાતિઓના કલ્યાણ માટે કરેલા કાર્યો સંઘ દૃષ્ટિથી વર્ણવ્યા હતા. ગાંધીનગર વિભાગના સંઘ ચાલક ડૉ. ભરતભાઈ પટેલ સહિત ૭૩ જેટલા સ્વયંસેવકો જોડાયા હતા અને બાબાસાહેબ આંબેડકરની છબીને પુષ્પાંજલી કરી હતી.

# ભ્રષ્ટાચારમાં સામેલ કોઈને પણ છોડાશે નહીં : પ્રદિપસિંહ

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, શાંત, સલામત અને સમૃધ્ધ ગુજરાતની સાથે ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે અનેક સ્તુત્ય પગલાં લીધા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે હાથ ધરેલાં યજ્ઞને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આગળ વધારી રહ્યા છે અને એટલે જ રાજ્યના વિકાસના ચાર નિર્ણાયક માપદંડોમાં પારદર્શીતાને પણ એટલું જ મહત્વ આપ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યના એન્ટી કરપ્શન બ્યુરોના માળખાને અતિઆધુનિક, મજબૂત અને પ્રજાભિભૂખ બનાવી પારદર્શકતા લાવવા રાજ્યના ગૃહ વિભાગની એક બેઠક મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં તા. ૧૯-૦૩-૨૦૧૮ તથા ૦૪-૦૪-૨૦૧૮ રોજ મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપતાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યની વિકાસ પ્રક્રિયા આગળ વધે અને તેમાં પારદર્શિતા જળવાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ માટે એસબીના માળખાને વધુ સુદૃઢ બનાવવા રાજ્યના ગૃહ વિભાગે અનેક પગલાં લીધા છે. એસીબીની કામગીરી પ્રજાલક્ષી અને પરિણામલક્ષી બને તે માટે પ્રોસીક્યુશન, ફોરેન્સીક ઈન્વેસ્ટીગેશન, પુરતુ મહેકમ, અને આધુનિકરણ માટે નાણાકીય ઉપલબ્ધિ અને આયોજન એમ પાંચ આધારસ્તંભોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. એસીબીએ તેની કાર્યપ્રણાલિને વધુ પરિણામલક્ષી બનાવવા માટે આગામી પાંચ વર્ષ માટેનો વિઝન ડોક્યુમેન્ટ પણ તૈયાર કર્યો છે.



આયુષ્યમાન ભારત અંતર્ગત દેશના ૬૦ આરોગ્ય કેન્દ્રોમાં પોપ્યુલેશન બેઝ્ડ સ્ક્રીનીંગ સોફ્ટવેરનું આજે ઉનાવા ખાતે લોંચીંગ થયુ હતુ તે પ્રસંગે એન.આર.એચ.એચ.ના એમ.ડી. ગૌરવ દહિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી હરિત કોયા તથા આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાળાની ગરમી છતાં ઈન્દ્રોડા પાર્કમાં પ્રવાસીઓમાં વધારો

## પાર્કના પ્રાણીઓ-પક્ષીઓ ઉપરાંત સરિસૃપોને ઠંડક માટે વિશેષ વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા. ૧૪ ગાંધીનગર ગુજરાતના પાટનગર હોવા ઉપરાંત એક પર્યટન સ્થળ તરીકે પણ સારી નામના પ્રાપ્ત કરી ચુક્યું છે. અક્ષરધામ, અડાલજની વાવ, દાંડીકુટિર સાથે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પણ અહીં આવતા પર્યટકોમાં ફેવરિટ પોઈન્ટ ગણાય છે. અત્યારે ઉનાળાની ગરમી દિન પ્રતિદિન વધી રહી હોવા છતાં પણ ઈન્દ્રોડા પાર્કની લોકપ્રિયતા વધતી જોવા મળી રહી છે.

શહેરમાં વિકસાવાયેલું ઈન્દ્રોડા નેચરપાર્ક એ અહીં આવતા પર્યટકો માટે શરૂઆતથી જ આકર્ષણનું કેન્દ્ર રહેવા પામ્યું છે. હવે આ પાર્કમાં ડાયનાસોર પાર્ક, ફૌસીલ પાર્ક, અર્થ સેક્શન જેવા વધુ આયામો પણ વિકસ્યા હોવાથી આ પાર્કની લોકપ્રિયતા દિન-પ્રતિદિન વધતી જોવા મળી રહી છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન આમ તો પ્રકૃતિપ્રેમીઓ તથા વાઈલ્ડલાઈફના અભ્યાસુઓ કે



બર્ડ વૉચર્સ માટે આદર્શ સ્થળ





ગણાય છે અને તે માટે ઓગષ્ટથી માંડીને ફેબ્રુઆરી સુધીના સમયમાં આ પ્રવૃત્તિઓ વધુ જોવા મળે છે પરંતુ હાલ એપ્રિલ માસની ગરમીની મૌસમમાં વેકેશનના પર્યટકોનો ધસારો પણ વધતો જોવા મળી રહ્યો છે.

પર્યટકોમાં ઈન્દ્રોડા પાર્કની લોકપ્રિયતાને અનુલક્ષીને પાર્ક સંચાલકો દ્વારા તેની વિશેષ કાળજી લેવાઈ રહી છે. ખાસ કરીને, અહીંનું પ્રાણી સંગ્રહાલય અને સર્પગૃહ જે પર્યટકોમાં ખાસ કરીને પરિવારમાં બાળકો સાથે આવતા પ્રવાસીઓ દ્વારા વધુ પસંદ કરવામાં આવતુ હોવાથી અહીંના પ્રાણીઓ સરિસૃપોની વિશેષ કાળજી લેવાઈ રહી છે. અહીંના જંગલી પ્રાણીઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડક મળી રહે તે હેતુથી સતત પાણીના છંટકાવ સાથે ખસની ટટ્ટીથી માંડીને એરકૂલર સુધીની વ્યવસ્થા કરવામાં આવી છે.

# કોમર્સ વીઝાર્ડ-૨૦૧૮ ટેલેન્ટ સર્ચ ટેસ્ટનું કરાયેલું આયોજન

ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા દેશભરમાં સૌપ્રથમવાર વિદ્યાર્થીઓમાં કોમર્સ વિષયને લોકપ્રિય બનાવવા અને વ્યવહારિક અને વૈચારિક અભિગમ સાથે વિદ્યાર્થીની આંતરિક પ્રતિભા અને કૌશલ્ય નિખારવાના ઉમદા આશયથી આઈસીએઆઈના બીઓએસ હેઠળ આઈસીએઆઈ કોમર્સ વિઝાર્ડ-૨૦૧૮ કોમર્સ ટેલેન્ટ સર્ચ ટેસ્ટનું આયોજન કરાયું છે. જેમાં નવેમ્બર-૨૦૧૮માં લેવલ-૧ની ઓનલાઈન પરીક્ષા અને જાન્યુઆરી-૨૦૧૯માં લેવલ-૨ની પરીક્ષા લેવામાં આવશે. ગુજરાત સહિત દેશભરમાંથી ધોરણ-૯,૧૦,૧૧, ૧૨ અને બી.કોમ, બીબીએ, બીએમએમસ અને સંલગ્ન વિષયોની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં ભાગ લઈ શકશે એમ અત્રે આઈસીએઆઈના કેરિયર કાઉન્સેલીંગ ગ્રુપના કન્વીનર સીએ મુકેશસિંઘ કુશવાહ અને બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ધીનલ શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરમાંથી ઉપરોકત વિદ્યાર્થીઓ-ઉમેદવારો આઈસીડબલ્યુ. આસીએઆઈ. ઓઆરજી વેબસાઈટ મારફતે પોતાનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આઈસીએઆઈના કેરિયર કાઉન્સેલીંગ ગ્રુપના કન્વીનર સીએ મુકેશસિંઘ કુશવાહ અને બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ધીનલ શાહે વધુમાં જણાવ્યું હતું કે, આ ટેસ્ટમાં ફર્સ્ટ રેન્ક હોલ્ડરનો આઈસીએઆઈ દ્વારા રૂ.૭૫ હજારનું ઈનામ અપાશે,



ગાંધીનગરમાં ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા સામેના સ્વર્ણિમ પાર્કમાં આવેલ ડૉ. બાબાસાહેબની પ્રતિમાને શહેરના નગરસેવક નાજાભાઈ ઘાંઘરે ૧૨૭ કિલોનો ફુલનો હાર ચઢાવી અંજલિ અર્પણ કરી હતી.

# ગુજરાત ૪ રિજિયોનલ સાયન્સ સેન્ટર બનાવાશે

વિજય રૂપાણી રવિવારે ૧૫ એપ્રિલે રાજકોટમાં ૧૦ એકર વિસ્તારમાં ૭૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારા રિજિયોનલ સાયન્સ સેન્ટરનો શિલાન્યાસ કરશે. રાજ્યના વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાનું સાયન્સ ટેકનોલોજી શિક્ષણ ઘર આંગણે જ જુવોના અભિગમથી પૂરું પાડવા ગુજરાતમાં ૪ રિજિયોનલ સાયન્સ સેન્ટર ૩૦૭ કરોડના ખર્ચે બનવાના છે.

ટચૂકડી જાહેર ખબર
**મકાન તોડવાવાળા**
મકાન, ફેક્ટરી, સેડ તોડીને પ્લોટ ચોખ્ખો કરી, માલ-સામાન લઈને તેની સારી એવી કિંમત આપીશું.
લી. રમેશભાઈ
જુના અને જાણીતા
મો. ૯૭૧૪૪ ૨૬૪૧૫